**<u>ફોજદારી કેસ નં. ૬૯૮/૨૦૨૩</u>**

## –:: આરોપી સામે ચાર્જફ્રેમ કરવા બાબતેનો હુકમ::–

**<u>(૧). ફરીયાદ (ઈન્કવાયરી) હકીકત :</u>–** આ કામે આરોપી સામે મુળ ફરીયાદીએ તા.૨૪/૦૫/૨૦૨૨ના રોજ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૬૫, ૩૬૬, ૩૪૪, ૩૪૬, ૫૦૪, ૫૦૬(૨),૧૨૦ (બી), ૧૧૪ તથા હથિયાર ધારા મુજબના ગુન્હાની ફરીયાદ દાખલ કરવા માટે ફોજદારી ઈન્કવાયરી નં.૦૫/૨૦૨૨ થી ઈન્કવાયરી દાખલ કરેલ હતી.

જે ઈન્કવાયરીના કામે ફરીયાદીની ફરીયાદ હકીકત તેમજ સાધનીક કાગળો અને ઈન્કવાયરી રીપોર્ટ અને તેની સાથે નોંધવામાં આવેલ નિવેદનો અને કાગળો ધ્યાને લેતાં, આરોપી વિરૂધ્ધ માત્ર ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના ગુન્હાના પ્રથમ દર્શનીય તત્વો આકર્ષાતા હોય, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની **કલમ–૫૦૪, ૫૦૬(૨)** મુજબના ગુન્હાનું સમન્સ જાહેર કરવાનો હુકમ ઈન્કવાયરી નં.૦૫/૨૦૨૨ નાં કામે આંક–૦૧ તળે હુકમ કરીને, તે ઈન્કવાયરી કેંસલ કરવામાં આવેલ અને આરોપી સામે ફોજદારી કેસ **નં.૬૯૮/૨૩** થી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબનો ફોજદારી કેસ રજીસ્ટ્રર કરવામાં આવેલ છે.

**<u>(૨). પ્રોસેસ :</u>–**આરોપી સામે હાલનાં ફોજદારી કેસ નં.૬૯૮/૨૦૨૩ નાં કામે સમન્સ કરતા આરોપી તેમના વિ.વ.શ્રી સાથે હાજર થયેલ છે અને હાલનું કામ આરોપી સામે પ્લી/ચાર્જના પુરાવા ઉપર મુલત્વી રહેલ છે અને આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪,૫૦૬(૨) અન્વયે પ્રિ ચાર્જ પુરાવો નોંધેલ છે જે લગત ફરીયાદપક્ષ

તરફે ભીમાભાઈ મેરાભાઈ મકવાણા તથા અરજનભાઈ સખાભાઈ મકવાણા ને તપાસેલ છે ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે કલોઝીંગ રજુ થતા સદર કામે આરોપી વિરૂધ્ધ તહોમતનામુ નોંધવુ કે કેમ ? તે અંગે દલીલ સાંભળવામા આવેલ છે.

**(૩). દલીલ :-** આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, બનાવની વિગત એવી છે કે, અરજદારની કાકાની દિકરી ડેલમાં ગયા તેથી સામાવાળા હેરાન કરી બળજબરીથી ફોસલાવી લગ્ન કરવા માટે કહેલ અને લગ્ન માટે સામાવાળા અરજદાર ની પત્નીને ભગાડી ગયેલ છે તેમજ અરજદારને છુટાછેડા લેવા માટે દબાણ કરેલ છે. જેથી સામાવાળા સામે ચાર્જફ્રેમ કરવા માટે પુરતો પુરાવો હોય, આરોપી સામે ચાર્જફ્રેમ કરવા નમ્ર અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે,સોગંદ ઉપર પુરાવો આવે અને તે અંતે કોર્ટ ચાર્જફ્રેમ કરવાનું નકકી કરી શકે. આ કામે જેનું અપહરણ કરવામાં આવેલ છે તે સાહેદને તપાસેલ નથી, જેથી આ કામે આરોપી સામે કોઈ ગુન્હો બનતો જ ન હોય આરોપી સામે ચાર્જફ્રેમ કરવા પુરતો પુરાવો ન હોય, આરોપીને બિન-તહોમત છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

**(૪). કેસ હકીકત :-** સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ, આ કામે ફરીયાદ તથા પોલીસ ઈન્કવાયરી રીપોર્ટ વંચાણે લેતાં, આ કામના ફરીયાદી ના પત્ની ને ભગાડી જઈ ફરીયાદી ને તા.૦૪/૦૨/૨૨ ના રોજ ફોન પર કહેલ કે તુ તારી પત્ની ને છુટા છેડા આપી દે નહી તો તને અહીયા પાછો આવીશ તો જાન થી મારી નાંખીશ ત્યારબાદ તા.૧૪/૦૨/૨૨ ફરી ફોન પર આવી જ રીતે ધમકીઓ અપેલ તેથી અમો અમારી પત્ની ને મળવા ગયેલ હતા પરંતુ અમો ને મળવા દીધેલ નથી. તા.૧૯/૦૨/૨૨ ના રોજ અમો ફરીયાદી અમારી વાડી એ હતા ત્યારે આરોપી એક સ્કોર્પીઓ ગાડી માં આવેલ અને ત્યારે આરોપી એ અમો

ને રીવોલ્વર જેવું હથિયાર બતાવી મારી સામે તાકી રાખી કહેલ કે *" કાલે તુ ગામ માં આવેલ હતો અને તને જીવતો જવા દીધો હતો પરંતુ હવે પછી ઝાંઝી (પત્ની) માટે આવ્યો કે તને છટાછેડા આપવા નહી આપ તો તને પુરો કરી નાંખવો છે."* તેથી આ ફરીયાદ કરેલ છે.

<u>**(૫). મુદદાઓ :**</u>– આ કેસ ના નિર્ણય અર્થે ની ચે મુજબ ના મુદદા ઉપસ્થિત થાય છે.

<u>**:: મુદદાઓ ::**</u>

(૧). શું ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરેલ છે કે આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબ નો પ્રથમદર્શનીય ગુનો કરેલ છે ?

(૨). શું હુકમ ?

**<u>(૬). જવાબો :–</u> મુદદા ના જવાબો તથા તારણો નીચે મુજબ આપેલ છે.**

(૧). હકાર માં

(૨). આખરી હુકમ મુજબ.

<u>**(૭). પ્રિચાર્જ પુરાવો :**</u>– આ કામે કારણો અને તારણો પુરાવા સાથે નીચે મુજબ છે. હવે આ ગુના ના પ્રિ ચાર્જ હકીકત પુરવાર કરવા માટે ફરીયાદી એ તેમના વતી સાહેદ ને <u>**ફરીયાદી ના સાહેદ અરજનભાઈ સખાભાઈ મકવાણા એ આંક–૦૫ થી સરતપાસ માં જણાવેલ છે કે**</u> મારા પત્નિનું નામ ઝાંઝીબેન વિરાભાઈ મોરી છે. અમારા લગ્નને ચારથી પાંચ વર્ષ થયેલ છે. લગ્ન કરીને મારા પત્નિ મારી સાથે રામગઢ મુકામે રહેવા માટે આવેલા. લગ્ન વખતે અમારી કાકાની દિકરીના લગ્ન અમારા પત્નિના પિયરીયા સાથે સાટામા કરવામા આવેલ હતા. લગ્ન બાદ અમારો લગ્ન સંસાર શરૂઆતમા સારી રીતે ચાલેલો. ત્યારબાદ મારી પત્નિ મારી સાથે ઝઘડાઓ કરી ૧૮૧ માં ફોન કરી તેમના પિયરે ચાલી જતી હતી. અમારી પત્નિ આવો વ્યવહાર

તહોમતદારના સંપકમાં આવ્યા બાદ કરવા લાગેલા. અમારા પત્નિ તહોમતદારને ત્યાં ટેલ રાખવાના બહાને જતા અને આઠથી દસ દિવસ ત્યાં રોકાતા. મે ફરીયાદ કરી તેના એકાદ વર્ષ પહેલા મારી પત્નિ મારી સાથે ઝઘડો કરી મને કહેવા લાગેલ કે, મારે તારી સાથે નથી રહેવુ, મારે બીજુ સગપણ વીસાવાડામા કરવુ છે. મે તેને સમજાવેલ પણ તેણી માનેલ નહી અને તા.૧૦/૨/૨૧ ના રોજ મહિલા સેલમા ફોન કરી તેમની સાથે જતી રહેલ. મહિલા સેલે ચાર પાંચ દિવસ તેમની પાસે રાખીને જુનાગઢ સ્વધાર ગૃહમા મોકલી આપેલ. ત્યાંથી મને ફોન આવતા હું ત્યાં ગયેલ અને મારી પત્નિને સમજાવેલ પણ તે માનેલ નહી અને મારી પાસે છુટાછેડાની માંગણી કરેલ.આ કામના આરોપીએ તથા તેના ડ્રાઈવરે તા.૪/૨/૨૨ ના રોજ ફોન કરી મને રાણાબોરડી પાટીયે બોલાવેલ અને મને કહેલ કે તું ઝાંઝીને છુટાછેડા આપી દે. ત્યારબાદ મે મારી પત્નિની તપાસ કરેલ તે વખતે વિરાભાઈ સતાપર પાટીયાવાળાએ તા.૧૪/૨/૨૨ ના રોજ ફોન કરીને જણાવેલ કે આરોપી મારી પત્નિને લગ્નની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી અને અપહરણ કરી લઈ ગયેલ છે અને પોતાના ઘરે રાખેલ છે. જેથી મે આરોપીને ફોન કરતા તે ગલ્લા તલ્લા કરવા લાગેલા અને મને કહેલ કે તારી પત્નિ થોડા દિવસ પહેલા આવેલી અને પંદર દિવસની ટેલ પુરી કરેલ તે વખતે અહીં રોકાયેલ પરંતુ અત્યારે નથી.

હું તથા ભીમા મેરા મકવાણા રહે.રામગઢ વાળા તા.૧૮/૨/૨૨ ના રોજ જુનાગઢ સ્વધાર ગૃહમાં મારી પત્નિની તપાસ કરવા ગયેલ ત્યારે તે ત્યાં ન હતી. તેથી અમો બંને જણા વીસાવાડા આરોપીને ત્યાં ગયેલા. તો આરોપીએ અમોને અમારી પત્નિને મળવા દીધેલ નહી અને મને ભુંડી ગાળો કાઢી કહેલ કે ઝાંઝીને છુટાછેડા આપી દે, તેને હું તારી સાથે રહેવા નહી દઉ અને જો અહીયા પાછો આવીશ તો તને જાનથી મારી નાખીશી તેવી ધમકી આપેલ. હું તા.૧૯/૨/૨૨ ના રોજ મારી વાડીએ હતા, ત્યારે આરોપી તેમના માણસો સાથે એક સ્કોર્પીયો ગાડી નં.જી.જે.૨૫.જે.૯૯૨૫

વાળી લઈને આવેલા, તે વખતે ભીમાભાઈ મેરા મકવાણા પણ મારી વાડીએ હાજર હતા. તે વખતે આરોપીએ રીવોલ્વર જેવુ હથીયાર અમોને બતાવી મારી સામે તાકી ધમકી આપેલ કે કાલ તો તુ મારા ગામમા આવ્યો તો તને જીવતો જવા દીધો. પરંતુ હવે પાછો ઝાંઝી માટે આવ્યો કે તેને છુટાછેડા નહી આપ તો તને પુરો કરી નાખવો છે તેવી ધમકી આપેલ. જેથી મે તે અંગે ડી.એસ.પી. સાહેબની કચેરીમા તા.૨૨/૨/૨૨ ના રોજ ફરીયાદ અરજી આપેલી. તેઓએ કોઈ કાર્યવાહી ન કરતા મે હાલની આ ફરીયાદ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે અને તેમા જણાવેલ તમામ હકીકત ખરી છે. તો આરોપી વિરૂધ્ધ યોગ્ય પગલા લેવા નમ્ર અરજ છે.

<u>**આ કામે ફરીયાદપક્ષ ના બીજા સાહેદ ભીમાભાઈ મેરાભાઈ મકવાણા એ આંક–૦૬ થી સરતપાસ માં જણાવેલ છે કે**</u> ફરીયાદીના પત્નિનું નામ ઝાંઝીબેન વિરાભાઈ મોરી છે. તેમના લગ્નને ચારથી પાંચ વર્ષ થયેલ છે. લગ્ન કરીને ફરીયાદીના પત્નિ તેમની સાથે રામગઢ મુકામે રહેવા માટે આવેલા. ત્યારબાદ ફરીયાદીના પત્નિ તેમની સાથે ઝઘડાઓ કરી ૧૮૧ માં ફોન કરી તેમના પિયરે ચાલી જતી હતી. ફરીયાદીના પત્નિ આવો વ્યવહાર તહોમતદારના સંપકમાં આવ્યા બાદ કરવા લાગેલા. ફરીયાદીના પત્નિ તહોમતદારને ત્યાં ટેલ રાખવાના બહાને જતા અને આઠથી દસ દિવસ ત્યાં રોકાતા. ફરીયાદીએ ફરીયાદ કરી તેના એકાદ વર્ષ પહેલા ફરીયાદીના પત્નિ તેમની સાથે ઝઘડો કરી તેમને કહેવા લાગેલ કે, મારે તારી સાથે નથી રહેવુ, મારે બીજુ સગપણ વીસાવાડામા કરવુ છે. ફરીયાદીએ તેને સમજાવેલ પણ તેણી માનેલ નહી અને તા.૧૦/૨/૨૧ ના રોજ મહિલા સેલમા ફોન કરી તેમની સાથે જતી રહેલ. મહિલા સેલે ચાર પાંચ દિવસ તેમની પાસે રાખીને જુનાગઢ સ્વધાર ગૃહમા મોકલી આપેલ. ત્યાંથી ફરીયાદીને ફોન આવતા ફરીયાદી ત્યાં ગયેલ અને તેઓની પત્નિને સમજાવેલ પણ તે માનેલ નહી અને તેમની પાસે છુટાછેડાની માંગણી કરેલ તેવી હકીકત મને ફરીયાદીએ જણાવેલ.

આ કામના આરોપીએ તથા તેના ડ્રાઈવરે તા.૪/૨/૨૨ ના રોજ ફોન કરી ફરીયાદીને રાણાબોરડી પાટીયે બોલાવેલ અને તેને કહેલ કે તું ઝાંઝીને છુટાછેડા આપી દે. ત્યારબાદ ફરીયાદીએ તેની પત્નિની તપાસ કરેલ તે વખતે વિરાભાઈ સતાપર પાટીયાવાળાએ તા.૧૪/૨/૨૨ ના રોજ ફોન કરીને જણાવેલ કે આરોપી તેમન પત્નિને લગ્નની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી અને અપહરણ કરી લઈ ગયેલ છે અને પોતાના ઘરે રાખેલ છે. જેથી ફરીયાદીએ આરોપીને ફોન કરતા તે ગલ્લા તલ્લા કરવા લાગેલા અને તેમને કહેલ કે તારી પત્નિ થોડા દિવસ પહેલા આવેલી અને પંદર દિવસની ટેલ પુરી કરેલ તે વખતે અહીં રોકાયેલ પરંતુ અત્યારે નથી તેવ હકીકત મને ફરીયાદીએ જણાવેલ. ત્યારબાદ હું તથા ફરીયાદી તા.૧૮/૨/૨૨ ના રોજ જુનાગઢ સ્વધાર ગૃહમાં ફરીયાદીની પત્નિની તપાસ કરવા ગયેલ ત્યારે તે ત્યાં ન હતી. તેથી અમો બંને જણા વીસાવાડા આરોપીને ત્યાં ગયેલા. તો આરોપીએ અમોને ફરીયાદીની પત્નિને મળવા દીધેલ નહી અને ભુંડી ગાળો કાઢી કહેલ કે ઝાંઝીને છુટાછેડા આપી દયો, તેને ફરીયાદી સાથે રહેવા નહી દઉ અને જો અહીયા પાછા આવશો તો તમને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ. હું તા.૧૯/૨/૨૨ ના રોજ ફરીયાદીની વાડીએ હતો, ત્યારે આરોપી તેમના માણસો સાથે એક સ્કોર્પીયો ગાડી નં.જી.જે.૨૫.જે.૯૯૨૫ વાળી લઈને આવેલા, તે વખતે હું પણ ફરીયાદીની વાડીએ હાજર હતો. તે વખતે આરોપીએ રીવોલ્વર જેવુ હથીયાર અમોને બતાવી અમારી સામે તાકી ધમકી આપેલ કે કાલ તો તમને મારા ગામમા આવ્યા હતા તો તમને જીવતો જવા દીધા. પરંતુ હવે પાછો ઝાંઝી માટે આવ્યો કે તેને ફરીયાદી છુટાછેડા નહી આપે તો ફરીયાદીને પુરો કરી નાખવો છે તેવી ધમકી આપેલ. જેથી ફરીયાદીએ તે અંગે ડી.એસ.પી. સાહેબની કચેરીમા તા.૨૨/૨/૨૨ ના રોજ ફરીયાદ અરજી આપેલી તે વખતે પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી કે મને પુછપરછ માટે બોલાવેલ ન હતા. ઉપરની વિગત મારી હાજરીમા બનેલી.

(૮). આમ ફરીયાદપક્ષ નો કોર્ટ રૂબરૂ નો મોખિક પુરાવો વંચાણે લેતા આ કામ ના આરોપીએ બનાવ ના દિવસે તથા સમયે ફરીયાદી ને રીવોલ્વર જેવુ હથીયાર બતાવી તેઓ ની સામે તાકી ધમકી આપેલ કે કાલ તો તમને મારા ગામમા આવ્યા હતા તો તમને જીવતો જવા દીધા. પરંતુ હવે પાછો ઝાંઝી (તારી પત્ની) માટે આવ્યો કે તેને ફરીયાદી છુટાછેડા નહી આપે તો ફરીયાદીને પુરો કરી નાખવો છે તેવી ધમકી આપેલ. આમ આ હકીકત વંચાણે લેતા આ કામના ફરીયાદી ને આરોપી એ પ્રથમદર્શનીય જાહેર માં તેમની વાડી એ જઈ ગાળો બોલી બંદુક બતાવી જાન થી મારી નાંખવાની ધમકી આપેલ છે તેથી આરોપી વિરૂધ્ધ જો ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪,૫૦૬(૨) અન્વયે તહોમતનામુ નોંધ્યા બાદ બચાવપક્ષ ને ઉલટ તપાસ ની તક આપવામાં આવે તો ન્યાય નો હેતુ જળવાઈ રહે તેમ હોય અને કેસ નુ ન્યાયિક નિર્ણય થઈ શકે તેમ છે તેથી મુદદા નં.૧ નો જવાબ હકાર માં આપી મુદદા નં.ર લગત ન્યાય ના હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧). આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪,૫૦૬ (૨) અન્વયે તહોમતનામુ નોંધવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી ને ફરીયાદપક્ષ ના સાહેદ ની ઉલટ તપાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ર૪ મી, માહે-ડીસેમ્બર, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.ર૪/૧૨/૨૦૨૫.**
**સ્થળ :-રાણાવાવ.**
**(સેલ્ફ)**

**(નારાયણ લાલ શર્મા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
**U.I.C.NO.GJ 01439.**